'ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા'*

આજે વિદ્વાનો સમક્ષ સ્વોપજ્ઞ ટીકા સહિત ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા ધરીએ છીએ, જેના કર્તા ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમાન યશોવિજયોપાધ્યાય છે. તેઓશ્રી માટે આજ સુધીમાં ઘણું લખાયું છે, છતાં હજુ ઘણું લખવું શેષ રહે છે. પરંતુ અત્યારે તેને લગતી તૈયારી ન હોવાથી તે બાબતથી વિરમી માત્ર સ્તુતિઓને અંગે જ અહીં કાંઈ લખવાનો ઇરાદો છે.

અત્યારે આપણા સમક્ષ ૯૬ કાવ્યપ્રમાણ યમકાલંકારમયી જે સ્તુતિચતુર્વિંશતિકાઓ વિદ્યમાન છે, તે સૌમાં રચનાસમયની દૃષ્ટિએ આચાર્ય બપ્પભટ્ટિકૃત સ્તુતિચતુર્વિંશતિકા પ્રથમ છે અને યશોવિજયોપાધ્યાયકૃત અંતિમ છે. અત્યારે નીચે પ્રમાણેની સ્તુતિચતુર્વિંશતિકાઓ જોવામાં આવે છે :

૧. સ્તુતિચતુર્વિંશતિકા	આચાર્યબપ્પભટ્ટિ[1]	મુદ્રિત
૨. ,,	શોભનમુનિ[2]	,,

---

* મહોપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત 'ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા'ની (પ્રકાશક–શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર, સં. ૧૯૮૪) પ્રસ્તાવના.

૧ આચાર્ય બપ્પભટ્ટિ પાંચાલ (પંજાબ) દેશનિવાસી હતા. તેમના પિતાનું નામ બપ્પિ, માતાનું નામ ભટ્ટિ અને પોતાનું નામ સુરપાલ હતું. તેમણે સાતમે વર્ષે દીક્ષા લીધી હતી. માતા-પિતાની પ્રસન્નતાને માટે તેમનું નામ બપ્પ-ભટ્ટિ રાખવામાં આવ્યું હતું. તેમનું મુખ્ય નામ ભદ્રકીર્તિ હતું. ગુરુ આચાર્ય સિદ્ધસેન હતા. કન્નોજના રાજા આમરાજે તેઓને યાવજ્જીવ મિત્રરૂપે અને મરણ સમયે ગુરુ તરીર સ્વીકાર્યા હતા. 'ગઉડવહો' મહાકાવ્યના કર્ત્તા મહાકવિ શ્રીવાક્પતિરાજને પાછલી અવસ્થામાં પ્રતિબોધ કર્યાનું પણ કહેવામાં આવે છે. તેમનો જન્મ સંવત ૮૦૦, ભાદ્રપદ તૃતીયા, રવિવાર હસ્તનક્ષત્ર; દીક્ષા ૮૦૭ વૈશાખ શુકલ તૃતીયા; આચાર્યપદ ૮૧૧ ચૈત્ર વદિ ૮; સ્વર્ગવાસ ૮૯૫ શ્રાવણ શુદિ ૮ સ્વાતિનક્ષત્ર. એમણે તારાગણનામનો ગ્રંથ રચ્યો છે, જે અત્યારે મળતો નથી.

"भद्रकीर्तेर्भ्रमत्याशाः कीर्त्तिस्तारागणाध्वना ।
प्रभा ताराधिपस्येव श्वेताम्बरशिरोमणेः ॥ ३२ ॥" तिलकमञ्जरी, पृ. ४

આમનું વિશેષ ચરિત્ર જાણવાની ઇચ્છાવાળાએ પ્રભાવકચરિત્ર, ઉપદેશરત્નાકર આદિ ગ્રંથો જોવા.

૨. શોભનમુનિ મહાકવિ ધનપાલના લઘુ ભાઈ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. સ્તુતિચતુર્વિંશતિકા	મેરુવિજયગણિ[૩]	,,
૪. ,,	યશોવિજયોપાધ્યાય	,,
૫. ,, (અપૂર્ણ[૪])	અજ્ઞાત [૫]	,,

૨૭ થી ૩૯ કાવ્ય અગર શ્લોકપ્રમાણ યમકાલંકારમયી [૬] સ્તુતિચતુર્વિંશતિકાઓ નીચે પ્રમાણેની મળે છે :

૧. સ્તુતિચતુર્વિંશતિકા	૨૯ શ્લો. કવિચક્રવર્તી[૭] શ્રીપાલ	
૨. ,,	૨૭ કા. સોમપ્રભાચાર્ય[૮]	
૩. ,,	૩૯ શ્લો. ધર્મઘોષસૂરિ[૯]	મુદ્રિત
૪. ,,	૨૮ કા. ,,	

---

૩. મેરુવિજયગણિ વિજયસેનસૂરિના રાજ્યમાં થયા છે. તેમના ગુરુનું નામ આનન્દવિજયગણિ હતું.

૪. આ ચતુર્વિંશતિકાની પ્રારંભની સાત જ સ્તુતિઓ (૨૮ કાવ્ય) "દાદાસાહેબની પૂજા" આદિ પુસ્તકોમાં છપાઈ છે; પાછળની મળતી નહીં હોય એમ લાગે છે.

૫. આ પાંચ સ્તુતિચતુર્વિંશતિકા સિવાયની ૯૬ કાવ્યપ્રમાણ આંચલિક કલ્યાણસાગરસૂરિકૃત પણ એક મળે છે, પરંતુ તે યમકાલંકારમયી ન હોવાથી તેની અહીં નોંધ લીધી નથી.

૬. આ સ્તુતિઓમાં ૨૪ પદ્ય પ્રત્યેક તીર્થંકરની સ્તુતિરૂપ હોય છે, અને ત્રણ પદ્ય અનુક્રમે સર્વ જિનસ્તુતિ, જ્ઞાનસ્તુતિ તથા શાસનાધિષ્ઠાતૃદેવતાની સ્તુતિરૂપ હોય છે, જે દરેક તીર્થંકરની સ્તુતિના પદ્ય સાથે જોડીને બોલવાનાં હોય છે. કેટલીક ચતુર્વિંશતિકામાં ૨૭ કરતાં વધારે પદ્ય છે તેનું કારણ માત્ર એટલું જ છે કે, તેમાં મંગલાચરણ કે કર્તૃનામગર્ભ કાવ્ય અથવા બન્ને સામેલ હોય છે. જેમાં ૨૯ કરતાં વધારે પદ્ય છે, તેમાં શાશ્વત જિન, સીમંધર આદિ જિનોની સ્તુતિનાં પદ્ય પણ સામેલ છે એમ જાણવું.

૭. કવિચક્રવર્તી શ્રીપાલ પ્રાગ્વાટજ્ઞાતીય (પોરવાડ) હતા. તેમના પિતાનું નામ લક્ષ્મણ હતું. તેઓ ગૂર્જરેશ્વર સિદ્ધરાજના બાળમિત્ર હતા. તેમને સિદ્ધરાજ 'કવીન્દ્ર' તથા 'ભ્રાતઃ' એ શબ્દોથી જ સંબોધતા. તેઓ પ્રજ્ઞાચક્ષુ હતા. વડનગરના કિલ્લાની પ્રશસ્તિમાં પોતે અને નાભેયનેમિદ્વિસંધાન કાવ્યમાં આચાર્ય હેમચંદ્રે આપેલ "एकाहनिष्पन्नमहाप्रबन्धः" એ વિશેષણથી તેમણે કોઈ મહાન ગ્રંથની રચના અવશ્ય કરી છે; પરંતુ અત્યારે તો આપણને તેમની કૃતિના નમૂના તરીકે પ્રસ્તુત ચતુર્વિંશતિકા અને વડનગરના કિલ્લાની પ્રશસ્તિ જ જોવા મળે છે. નાભેયનેમિદ્વિસન્ધાનકાવ્યને આ કવિચક્રવર્તીએ જ શોધેલ છે. સિદ્ધરાજના અધ્યક્ષપણા નીચે થયેલ વાદિદેવસૂરિ અને કુમુદચંદ્રાચાર્યના વાદ સમયે તેઓ સભામાં હાજર હતા. તેમના પુત્ર સિદ્ધપાલ તથા પૌત્ર વિજયપાલ પણ મહાકવિ હતા. આ સૌનો વિસ્તૃત પરિચય મેળવવા ઇચ્છનારે શ્રીમાન જિનવિજયજી સંપાદિત દ્રૌપદીસ્વયંવરનાટકની પ્રસ્તાવના જોવી.

૮. સોમપ્રભાચાર્ય મહારાજા કુમારપાલદેવના સમયમાં અને તે પછી પણ વિદ્યમાન હતા. તેમણે સૂક્તમુક્તાવલી, સુમતિનાથચરિત્ર, કુમારપાલપ્રતિબોધ, શૃંગારવૈરાગ્યતરંગિણી, શતાર્થીવૃત્તિ આદિ ગ્રંથો રચ્યા છે.

૯. ધર્મઘોષસૂરિ કર્મગ્રંથાદિ પ્રસિદ્ધ સમર્થ ગ્રંથોના પ્રણેતા તપા દેવેન્દ્રસૂરિના શિષ્ય હતા. તેમણે ચૈત્યવન્દન ભાષ્યની સંઘાચાર નામની ટીકા, શ્રાદ્ધજીતકલ્પ, સમવસરણ, યોનિસ્તવ, કાલસત્તરિ આદિ ગ્રંથો રચ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫.	સ્તુતિચતુર્વિંશતિકા	૩૦ શ્લો.	જિનપ્રભસૂરિ[૧૦]	
૬.	,,	૨૮ કા.	,,	મુદ્રિત
૭.	,,	૨૯ શ્લો.	ચારિત્રરત્નગણિ[૧૧]	
૮.	,,	૨૯ કા.	,,	
૯.	,,	૨૯ કા.	ધર્મસાગરોપાધ્યાય[૧૨]	
૧૦.	,,	૨૭ કા.		
૧૧.	,, (યમકરહિત પ્રાકૃત)	૨૭ આર્યા		
૧૨.	શાશ્વતજિનયુત વિહરમાન–જિનચતુર્વિંશતિકા	૨૭ કા.		મુદ્રિત

ઉપર નોંધ લીધી તે સિવાયની અન્ય સ્તુતિચતુર્વિંશતિકાઓ હોવી જોઈએ, પણ અત્યાર સુધીમાં જે જે દૃષ્ટિપથમાં આવી છે તેની જ નોંધ માત્ર આ સ્થળે કરી છે. અહીં આપેલ સૂચીમાંની લગભગ ઘણીખરી ઋષભાદિ વીરપર્યન્ત જિનની તેમ જ યમકાલંકારમયી છે.

આથી ઇતર અલ્પ પ્રમાણમાં જ જોવામાં આવે છે, જેની નોંધ પણ ઉપર લીધી છે. ભિન્ન ભિન્ન આચાર્યાદિકૃત પર્વતિથિમાહાત્મ્યગર્ભિત, તીર્થમાહાત્મ્યગર્ભિત તેમ જ તીર્થંકરોની છૂટક સ્તુતિઓ યમક પાદપૂર્તિરૂપ તથા સામાન્યચ્છન્દરૂપ ઘણા જ વિસ્તીર્ણ પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે.

આ સર્વ ચતુર્વિંશતિકાઓમાંની અગર છૂટક કોઈ પણ ચાર પદ્યની સ્તુતિ દેવવન્દનમાં કાર્યોત્સર્ગ કર્યા પછી અવશ્ય બોલવાની હોય છે. તેમાં નીચે પ્રમાણેના અર્થાધિકારો–વિષયો હોય છે અથવા હોવા જોઈએ :

---

૧૦. આચાર્ય જિનપ્રભ ખરતરગચ્છીય હતા. તેઓશ્રીએ સંદેહવિષૌષધિ, વિધિપ્રપા, વિવિધતીર્થકલ્પ આદિ અનેક ગ્રંથો રચ્યા છે. સ્તવ-સ્તુતિ-સ્તોત્રકાર તરીકે તો તેઓનું સ્થાન સૌ કરતાં ઊંચું છે. તેમણે તપા શ્રી સોમતિલકસૂરિને શિષ્ય-પ્રશિષ્યોને ભણાવવા માટે એકીસાથે સાત સો સ્તોત્ર ભેટ આપ્યાં હતાં. પ્રત્યહં નવીન સ્તોત્રની રચના કર્યા પછી જ ભોજન લેવું એવી તેમની પ્રતિજ્ઞા હતી—

" पुरा श्रीजिनप्रभसूरिभिः प्रतिदिननवस्तवनिर्माणपुरःसरनिरवद्याहारग्रहणाभिग्रहवद्भिः प्रत्यक्षपद्मावतीदेवीवचसाऽभ्युदयिनं श्रीतपागच्छं विभाव्य भगवतां श्रीसोमतिलकसूरीणां स्वशैक्ष-शिष्यादिपठनविलोकनाद्यः र्थंयमकश्लेष-चित्र-च्छन्दोविशेषादिनवनवभङ्गीसुभगाः सप्तशतीमिताः स्तवा उपदीकृता निजनामाङ्किताः ॥ "

सिद्धान्तागमस्तवावचूरिप्रारम्भे ॥

૧૧. ચારિત્રરત્નગણિ તપા સોમસુન્દરસૂરિના શિષ્ય હતા. તેમણે જ્ઞાનપ્રદીપ, ચિત્રકૂટવિહારપ્રશસ્તિ આદિની રચના કરી છે. તેઓ વિક્રમની પંદરમી–સોળમી સદીમાં વિદ્યમાન હતા.

૧૨. ધર્મસાગરોપાધ્યાય વિજયદાનસૂરિના શિષ્ય અને પ્રસિદ્ધ આચાર્ય હીરવિજયસૂરિના ગુરુભાઈ હતા. તેઓશ્રીએ ગચ્છાન્તરીઓને પરાસ્ત કરવા માટે અનેક સમર્થ અને પ્રમાણભૂત ગ્રંથોની રચના કરી છે. તેમની કૃતિઓમાં જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ ટીકા, કલ્પકિરણાવલી, ઇરિયાવહીષટ્ત્રિંશિકાસટીક, પર્યુષણાદશશતક, પ્રવચનપરીક્ષા, ષોડશકીવૃત્તિ, ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકા, તપાગચ્છીયપટ્ટાવલી આદિ મુખ્ય છે.

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

अहिगयजिण पढम थुई, बीआ सव्वाण तईअ नाणस्स ।
वेयावच्चगराणं, उवओगत्थं चउत्थ थुई । ५२ ॥
देववन्दनभाष्य ॥

અર્થાત્—પ્રથમ સ્તુતિમાં વિવક્ષિત કોઈ એક તીર્થંકરની સ્તુતિ, બીજીમાં સર્વ જિનોની સ્તુતિ, ત્રીજીમાં જિનપ્રવચનની અને ચોથીમાં વૈયાવૃત્યકર દેવતાઓનું સ્મરણ.

ઉપર જે સ્તુતિચતુર્વિંશતિકાઓની સૂચિ આપવામાં આવી છે તે પૈકી શોભનમુનિકૃત ચતુર્વિંશતિકાના અનુકરણરૂપ આપણી પ્રસ્તુત ચતુર્વિંશતિકા છે એમ તેની સાથે સરખાવતાં સ્પષ્ટ રીતે તરી આવે છે. આ અનુકરણ છન્દ, અલંકાર, વિશેષણ, ભાવાર્થ આદિ અનેક રીતે કરવામાં આવ્યું છે, એટલું જ નહિ, પણ કેટલેક સ્થળે તો વાક્યનાં અને પદનાં પદો પણ નહિ જેવો ફેરફાર કરીને જેમનાં તેમ ઉપાધ્યાયજીએ આહરી લીધાં છે. જો આપણે બરાબર તારણ કાઢીએ તો લગભગ ચોથો ભાગ જેટલી સ્તુતિઓ એવી જ નજરે પડે કે જેમાં શોભનસ્તુતિમાં આવતાં કેટલાંએક વિશેષણો માત્ર શાબ્દિક ફેરફાર કરીને લીધેલાં છે. જોકે છન્દ અને અલંકાર માટે કોઈનો દાવો ન જ હોઈ શકે, છતાં શોભન મુનિએ જે સ્તુતિ માટે જે છન્દ અને યમકાલંકારનો જે ભેદ પસંદ કર્યો છે તેને જ ઉપાધ્યાયજી પસંદ કરે એ ઉપરથી એટલું તો કહી શકાય કે, તેઓશ્રી સમક્ષ શોભનમુનિકૃત સ્તુતિઓ જ મુખ્યતયા આદર્શરૂપ છે. આ પ્રકારની પસંદગીથી ઉપાધ્યાયજીને યમકાલંકારમયી સ્તુતિના નિર્માણમાં તેમ જ શોભનસ્તુતિનાં પદ-વાક્ય-વિશેષણોના આહરણમાં કેવી સુગમતા થઈ છે, એ નીચેનાં ઉદાહરણો પરથી સમજી શકાશે :

કાવ્ય	પાદ	
८३	१ जलव्यालव्याघ्रज्वलनगजरुग्बन्धनयुधो	शो०
८४	१ गजव्यालव्याघ्रानलजलसमिद्बन्धनरुजो	ऐ०
४	३ पायाद्वः श्रुतदेवता निदधती तत्राब्जकान्ती क्रमौ	शो०
४	२–४ सौभाग्याश्रयतां हिता निदधती पुण्यप्रभाविक्रमौ	ऐ०
७२	१ याऽत्र विचित्रवर्णविनतात्मजपृष्ठमधिष्ठिता	शो०
७२	१–२ चक्रधरा करालपरघातबलिष्ठमधिष्ठिता प्रभा– सुरविनतातनुभवपृष्ठमनुदितापदरं गतारवाक्	ऐ०
१७	१ सुमते सुमते १८–४ विभवाः विभवाः	शो०
१७	१ सुमतिं सुमतिं १७–४ विभवं विभवं	ऐ०
२४	१ गान्धारि वज्रमुसले जयतः समीर	शो०
२४	३ गान्धारि वज्रमुसले जगती तवास्याः	ऐ०
३७	१ जयति शीतलतीर्थकृतः सदा	शो०
३७	१ जयति शीतलतीर्थपतिर्जने	ऐ०
७३	१ नुदंस्तनुं प्रवितर मल्लिनाथ मे	शो०
७३	१ महोदयं प्रवितनु मल्लिनाथ मे	ऐ०
६९	१ व्यमुचच्चक्रवर्तिलक्ष्मीं.	शो०
६९	३ विगणितचक्रवर्त्तिवैभवं०	ऐ०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાવ્ય	પાદ		
૭૧	१	भीममहाभवाब्धि०	શો०
૭૧	१	भीमभवोदधे०	ऐ०
૮૮	१	हस्तालम्बितचूतलुम्बिलतिका यस्या जनोऽभ्यागमत्	શો०
૮૮	३	दद्यान्नित्यमिताम्रलुम्बिलतिकाविभ्राजिहस्ताऽहितम्	ऐ०

અહીં જે વાક્યોની નોંધ આપી છે તે ઉપાધ્યાયજીએ પદ-વાક્યાદિનું આહરણ કેવું કર્યું છે, તે જાણવા માટે. વિશેષણો અને ભાવાર્થનું આહરણ તો આખી સ્તુતિમાં સ્થળે સ્થળે જોવામાં આવે છે. તેનાં ઉદાહરણો આ સ્થળે ન આપતાં જિજ્ઞાસુઓને તે સ્તુતિઓ સાથે સરખાવવા ભલામણ છે.

ઉપર કહેવામાં આવ્યું કે, **'પ્રસ્તુત** ચતુર્વિંશતિકા શોભનસ્તુતિના અનુકરણરૂપ છે' એ ઉપરથી કોઈએ એમ ન માની લેવું કે આ ચતુર્વિંશતિકામાં કશી નવીનતા જ નથી. ઉપાધ્યાયજીની એવી કોઈ કૃતિ જ નથી કે જેમાં નવીનતા તેમ જ ગાંભીર્ય ન હોય. તે ગંભીરતાને તેઓશ્રીએ સ્વયં ટીકામાં સ્થળે સ્થળે પ્રકટ કરેલ છે. અમે તે પંક્તિઓને સ્થૂલાક્ષરમાં છપાવી છે. આ પંક્તિઓ શાસ્ત્રીય ગંભીર વિચારોથી ભરપૂર છે.

આ ઠેકાણે એક વાત કહેવી જોઈએ કે, જેમ અન્ય પ્રતિભાસંપન્ન વિદ્વાન કવિઓની યમકાલંકારમય કૃતિઓ ક્લિષ્ટાર્થત્વ, દૂરાન્વયત્વ આદિ દોષોથી વંચિત નથી રહી શકી, તે જ પ્રમાણે ઉપાધ્યાયજીની પ્રસ્તુત કૃતિ પણ તે દોષોથી વંચિત નથી જ રહી શકી. જોકે કેટલાંક પદ્યો એવાં પણ તારવી શકાય તેમ કે, જેમાં આવા દોષો ન પણ હોય, તથાપિ તેટલા ઉપરથી આખી કૃતિને નિર્દોષ તો ન જ કહી શકાય. નાને મોઢે કહેવાયેલી આ વાતને વિદ્વાનો ક્ષમાની દૃષ્ટિથી જુએ એમ ઇચ્છું છું.

પ્રસ્તુત સ્તુતિના સંપાદન સમયે તેની સ્વોપજ્ઞ ટીકાયુક્ત માત્ર એક જ પ્રતિ પૂજ્ય શ્રીમાન સાગરાનન્દસૂરિ મહારાજ પાસેથી મળી છે. તે ૨૪ પાનાંની અને નવીન લખેલી છે. આ પ્રતિનો ઉતારો જેના ઉપરથી કરવામાં આવ્યો છે તે પ્રતિ ચોંટી ગયેલ હતી. તેને ઉખાડતાં તેમાં જે સ્થળે અક્ષરો ઊખડી ગયા તે સ્થાન નવી પ્રતિમાં ખાલી છે. લેખકે પ્રમાદથી અનેક સ્થળે પાઠો છોડી દીધા છે, એટલું જ નહિ, પણ તે લિપિનો અજ્ઞ હોવાથી તેણે પણ અશુદ્ધિઓમાં મોટો ઉમેરો કર્યો છે. આ રીતે પ્રસ્તુત ચતુર્વિંશતિકાની પ્રતિ અત્યંત અશુદ્ધ હોવા છતાં તેને શુદ્ધ કરવા માટે તેમ જ તૂટી ગયેલા પાઠોને ઉપાધ્યાયજીના શબ્દોમાં જ સાંધવા માટે યથાશક્ય યત્ન કર્યો છે. પ્રતિમાં જ્યાં જ્યાં અશુદ્ધિઓ હતી તે દરેક સ્થળે સુધારેલા પાઠો ગોળ કોષ્ટકમાં આપ્યા નથી, પરંતુ લગભગ અંદર જ સુધારી દીધા છે. આ પ્રમાણે કરવામાં કોઈ સ્થળે પ્રમાદથી સ્ખલના થવા પામી હોય તો તે માટે વિદ્વાનો સમક્ષ ક્ષમાયાચના છે.

ઉપરોક્ત પ્રતિ સિવાય એક અવચૂરિની પ્રતિ પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજના છાણીના જ્ઞાનભંડારમાંથી મળી છે. આ અવચૂરિ સ્વોપજ્ઞ ટીકાને આધારે કરેલ ટાંચણરૂપ હોઈ સ્વોપજ્ઞ ટીકાના જ શબ્દોમાં હોવાથી ટીકાના સંશોધનમાં ક્વચિત્ ક્વચિત્ સહાયક થઈ છે.

પ્રસ્તુત ચતુર્વિંશતિકાની પ્રેસ કોપીને વળાનિવાસી ન્યાય-વ્યાકરણતીર્થ પં. શ્રી બેચરભાઈએ તપાસી તેમાંની અશુદ્ધિઓમાં ઘટાડો કર્યો છે.

ઉપરના સજ્જનોની સહાયથી આ ચતુર્વિંશતિકાને ધ્યાનપૂર્વક સુધારવા છતાં સ્ખલના થઈ હોય અથવા અશુદ્ધિ રહી હોય તો વિદ્વાનો તેનું પરિમાર્જન કરે એમ ઇચ્છી વિરમું છું.

['ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા' પ્રસ્તાવના, સં ૧૯૮૪]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org